ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ,
ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
web:kskvku.digitaluniversity.ac

રેફ.નં.: કયુ/ ઈ.સી.–મિનિટ્સ–૧/ ૨૦૨૪/ ૨૩૫૯

તાઃ–૨૫/૧૧/૨૦૨૪

પ્રતિશ્રી,
એકઝિકયુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ.

**વિષય :–** એકઝિકયુટીવ કાઉન્સિલની તા.૧૮/૧૧/૨૦૨૪ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોકત વિષયે જણાવવાનું કે, એકઝિકયુટીવ કાઉન્સિલની માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૮/૧૧/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ

કુલસચિવ

નકલ રવાના જાણ અર્થે:–
૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ

નકલ રવાના :–
૧. સંબંધિત વિભાગો તરફ આગળની યોગ્ય કાર્યવાહિ અર્થે.
૨. સંબંધિત ફાઈલે.

# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

## તા.૧૮/૧૧/૨૦૨૪ ના ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટીગની મિનિટ્સ નોંધ

આજ રોજ તા.૧૮/૧૧/૨૦૨૪ ના ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટીગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | ડૉ. મોહનભાઈ પટેલ<br>માનનીય કુલપતિશ્રી<br>કચ્છ યુનિવર્સિટી | અધ્યક્ષ | હાજર |
| ૨. | ડૉ. અનિલ એચ. ગોર<br>કુલસચિવશ્રી<br>કચ્છ યુનિવર્સિટી | મેમ્બર સેક્રેટરીશ્રી | હાજર |
| ૩. | ડૉ. તેજલકુમાર શેઠ<br>પરીક્ષા નિયામકશ્રી<br>કચ્છ યુનિવર્સિટી | સભ્યશ્રી | હાજર |
| ૪. | ખાલી<br>.............................<br>ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ ઓફિસર | સભ્યશ્રી | ખાલી |
| ૫. | પ્રો.(ડૉ.) પી. એસ. હિરાણી<br>અધ્યક્ષશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ<br>કચ્છ યુનિવર્સિટી | સભ્યશ્રી | હાજર |
| ૬. | પ્રો.(ડૉ.) કશ્યપ ત્રિવેદી<br>અધ્યક્ષશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત<br>કચ્છ યુનિવર્સિટી | સભ્યશ્રી | હાજર |
| ૭. | ખાલી<br>...........................<br>અધ્યક્ષશ્રી, | સભ્યશ્રી | ખાલી |
| ૮. | ડૉ. મનીષ પંડયા<br>આચાર્યશ્રી,<br>તોલાણી કોમર્સ કોલેજ | સભ્યશ્રી | હાજર |
| ૯. | ખાલી<br>...........................<br>આચાર્યશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૦. | ખાલી<br>...........................<br>આચાર્યશ્રી | સભ્યશ્રી | ખાલી |

| | | | |
|---|---|---|---|
| ૧૧. | ખાલી<br>..........................<br>આચાર્યશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૨. | ડૉ. જે. જે. ભટ્ટ<br>એસો. પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, કચ્છ યુનિવર્સિટી | સભ્યશ્રી | હાજર |
| ૧૩. | ડૉ. શીતલ બાટી<br>આસી. પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટડિઝ,કચ્છ યુનિવર્સિટી | સભ્યશ્રી | હાજર |
| ૧૪. | ડૉ. જે. એમ. પટેલ<br>અધ્યાપકશ્રી,<br>આર. આર. લાલન કોલેજ, ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૧૫. | ડૉ. કમલ ખારેચા<br>અધ્યાપકશ્રી,<br>તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર | સભ્યશ્રી | હાજર |
| ૧૬. | ખાલી<br>............................<br>અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૭. | ખાલી<br>............................<br>અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૮. | ખાલી<br>............................<br>પ્રતિષ્ઠિત વ્યકિત | સભ્યશ્રી | ખાલી |
| ૧૯. | ખાલી<br>............................<br>પ્રતિષ્ઠિત વ્યકિત | સભ્યશ્રી | ખાલી |
| ૨૦. | ખાલી<br>............................<br>પ્રતિષ્ઠિત વ્યકિત | સભ્યશ્રી | ખાલી |
| ૨૧. | ખાલી<br>............................<br>પ્રતિષ્ઠિત વ્યકિત | સભ્યશ્રી | ખાલી |
| ૨૨. | શ્રી મહેશ પુજ<br>સભ્યશ્રી, GCCI | સભ્યશ્રી | હાજર |

**કાર્યસૂચી :–**

૧. એક્ઝિક્યુટીવ કાઉન્સિલની આ પ્રથમ મિટીગમાં અધ્યક્ષ સ્થાનેથી સર્વે સભ્યશ્રીઓનો આવકાર.

ઠરાવ નં.:૧ **એક્ઝિક્યુટીવ કાઉન્સિલની આ પ્રથમ મિટીગમાં ઉપસ્થિત સૌ સભ્યશ્રીઓને અધ્યક્ષ સ્થાનેથી આવકારવામાં આવ્યા. તમામ સભ્યશ્રીઓએ એક બીજાનો પરિચય મેળવ્યો. સાથે જ એક જૂટ રહી યુનિવર્સિટીની પ્રગતિમાં સદ્‌ભાગી બની કામગીરી કરવાનું ઉદ્‌બોધન કરવામાં આવ્યું.**

૨. ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ–૨૦૨૩ તથા સ્ટેચ્યુટ્સ–૨૦૨૪ અનુસાર રચવામાં આવેલ બોર્ડ બહાલ રાખવા બાબત.

| | |
|---|---|
| – બોર્ડ ઓફ ડીન | – એકટ ૧૩(૪) અને સ્ટેચ્યુટ્સ – ૨૪ |
| – બોર્ડ ઓફ સ્ટડિઝ | – એકટ ૧૩(૫) અને સ્ટેચ્યુટ્સ – ૨૫ |
| – બોર્ડ ઓફ રિસર્ચ | – એકટ ૧૩(૮) અને સ્ટેચ્યુટ્સ – ૨૮ |

ઠરાવ નં.:૨ **ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ–૨૦૨૩ તથા સ્ટેચ્યુટ્સ–૨૦૨૪ ની જોગવાઈઓ અનુસાર રચવામાં આવેલ બોર્ડ ઓફ ડીન, બોર્ડ ઓફ સ્ટડિઝ તથા બોર્ડ ઓફ રિસર્ચની કરેલ રચનાને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

૩. એકેડમિક કાઉન્સિલની તા.૨૧/૧૦/૨૦૨૪ના રોજ મળેલ મિટીંગની મિનિટ્સ બહાલ રાખવા બાબતે. (મિનિટ્સ આ સાથે સામેલ રાખેલ છે.)

ઠરાવ નં.:૩ **એકેડમિક કાઉન્સિલની તા.૨૧/૧૦/૨૦૨૪ના રોજ મળેલ મિટીંગમાં અભ્યાસક્રમ સંબંધિત, હાલમાં શૈક્ષણિક સ્ટાફની કરવાની થતી ભરતી પ્રક્રિયામાં વિષય નિષ્ણાંતોના નામો સંબંધિત, કોલેજોના જોડાણ સંબંધિત, સંલગ્ન લૉ કોલેજમાં બાર કાઉન્સિલના પત્ર અનુસાર પરિપાલન કરાવવા સંબંધિત, QPDS પદ્ધતિથી પરીક્ષાઓ લેવા સંબંધિત, પરીક્ષાલક્ષી અન્ય બાબતોના વગેરે થયેલ તમામ ઠરાવો તથા લેવાયેલ નિર્ણયોને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

૪. ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ કમિટીની તા.૦૪/૦૯/૨૦૨૪ના રોજ મળેલ મિટીંગની મિનિટ્સ બહાલ રાખવા બાબતે. (મિનિટ્સ આ સાથે સામેલ રાખેલ છે.)

ઠરાવ નં.:૪ **ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ કમિટીની તા.૦૪/૦૯/૨૦૨૪ના રોજ મળેલ મિટીંગની મિનિટ્સ સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે અને આગળની કાર્યવાહિ હાથ ધરવા જરૂરી વહિવટી મંજૂરી આપવામાં આવે છે અને માનનીય કુલપતિશ્રીને આગળની કાર્યવાહી હાથ ધરવા સત્તા સોંપવામાં આવે છે.**

૫. ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ કમિટી, પરચેઝ કમિટી તથા બિલ્ડીગ એન્ડ વર્ક કમિટીની તા.૧૯/૧૦/૨૦૨૪ના રોજ મળેલ સંયુકત મિટીંગની મિનિટ્સ બહાલ રાખવા બાબતે. (મિનિટ્સ આ સાથે સામેલ રાખેલ છે.)

ઠરાવ નં.:૫ **ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ કમિટી, પરચેઝ કમિટી તથા બિલ્ડીગ એન્ડ વર્ક્સ કમિટીની તા.૧૯/૧૦/૨૦૨૪ના રોજ મળેલ સંયુક્ત મિટીંગની મિનિટ્સ સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે અને આગળની કાર્યવાહિ હાથ ધરવા જરૂરી વહિવટી મંજૂરી આપવામાં આવે છેઅને માનનીય કુલપતિશ્રીને આગળની કાર્યવાહી હાથ ધરવા સત્તા સોંપવામાં આવે છે.**

૬. નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૬ માટે અંદાજપત્ર તૈયાર કરી સરકારશ્રીને મોકલેલ છે (જેમાં પગાર ભથ્થાં, કન્ટીજન્સી, યુનિવર્સિટી વિકાસ માટેના ખર્ચનો સમાવેશ થાય છે.). કુલ રકમ ૨૯.૦૫૫૧ કરોડનું મોકલવામાં આવેલ અંદાજપત્ર બહાલ રાખવા બાબત.

ઠરાવ નં.:૬ **નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૬ માટેનું સરકારશ્રીને કુલ રકમ ૨૯.૦૫૫૧ કરોડનું મોકલવામાં આવેલ અંદાજપત્ર(બજેટ) સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૭. નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૬ ના અંદાજપત્ર માટે નવી બાબતોની મોકલવામાં આવેલ દરખાસ્ત બહાલ રાખવા બાબત

(નાણાં વિભાગ,ગુ.સ. તા.૦૨/૦૯/૨૦૨૪ ના પત્ર અનવ્યે નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ કરવા માટેની નવી બાબતોની જુદા–જુદા હેડ હેઠળની દરખાસ્તો આ સાથે સામેલ રાખ્યા અનુસાર છે. જે સરકારશ્રીમાં તા.૩૦/૦૯/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાની હોતાં કુલ રકમ ૨૫.૧૩ કરોડની મુકવામાં આવેલ નવી બાબતોની દરખાસ્તને બહાલ રાખવા બાબતે.)

| ક્રમ | કામગીરીની વિગત | બજેટની રકમ (કરોડમાં) |
|---|---|---|
| ૧ | નવી શૈક્ષણિક જગ્યાઓ | ૧૧.૨૬ કરોડ |
| ૨ | નવી બિન શૈક્ષણિક જગ્યાઓ | ૦૭.૦૮ કરોડ |
| ૩ | નવા વાહન | ૦૦.૮૪ કરોડ |
| ૪ | નવા આઈ.ટી. કમ્પોનન્ટ | ૦૩.૩૭ કરોડ |
| ૫ | પગાર ગ્રાન્ટ | ૦૨.૫૮ કરોડ |
| **કુલ્લ રકમ** | | **૨૫.૧૩ કરોડ** |

ઠરાવ નં.:૭ **નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૬ ના અંદાજપત્ર માટે નવી બાબતોની શૈક્ષણિક જગ્યાઓ, બિન શૈક્ષણિક જગ્યાઓ, વાહન, પગાર ભથ્થાં તથા આઈ.ટી. કમ્પોનન્ટની મોકલવામાં આવેલ કુલ રકમ ૨૫.૧૩ કરોડની દરખાસ્ત સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

૮. કચ્છ યુનિવર્સિટી કેમ્પસનો ગ્રીન ઓડિટ રીપોર્ટ બહાલ રાખવા બાબત.

(NAAC ની કામગીરી અનુસંધાને યુનિવર્સિટી કેમ્પસનું ગ્રીન ઓડિટ કરાવવું જરૂરી હોય NAAC ની અગત્યતાને ધ્યાને લઈ સર્વે કરાવેલ જે અંગેનો રિપોર્ટ આ સાથે સામેલ રાખેલ છે. જે બહાલ રાખવા બાબત.)

ઠરાવ નં.:૮ **કચ્છ યુનિવર્સિટીએ વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૪નો રજૂ કરેલ એકશન પ્લાન/ રિપોર્ટ સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે તથા આ એકશન પ્લાન પર શ્રી એન.કે. ઓઝા, કન્સલટન્ટશ્રીનું તા.૨૦/૦૫/૨૦૨૪ થી કચ્છ યુનિવર્સિટી કેમ્પસને એનવાયરમેન્ટ, ગ્રીન, એનર્જી અને વોટર ઓડિટનું પ્રમાણપત્ર મળી ગયેલ છે જે અનુસાર થયેલ કાર્યવાહિને બહાલ રાખી જરૂરી વહિવટી મંજૂરી આપવામાં આવે છે.**

૯. પરીક્ષાલક્ષી જદી–જુદી કામગીરીના મહેનતાણાંઓ સબબ તા.૨૮/૦૫/૨૦૨૪ ના રોજ થયેલ પરિપત્ર નં.૧૦૧ (Scale of Remuneration- Exam) માં સુધારાઓ/ ફેરફાર કરવા બાબત ચર્ચા– વિચારણા અને નિર્ણય.

(બોર્ડ ઓફ મેનેજમેન્ટ તા.૨૦/૦૪/૨૦૨૪ ની મિટીગના ઠરાવ નં. ૦૭ થી લેવાયેલ નિર્ણય અનુસાર ઉકત પરિપત્ર કરવામાં આવેલ. પરંતુ આ મહેનણાંઓ અનુસંધાને આવેલ રજૂઆતોને ધ્યાને લેતા તેમાં જરૂર જણાય ત્યાં સુધારા–વધારા કે ફેરફાર કરવા બાબત.)

ઠરાવ નં.:૯ **તા.૨૦/૦૪/૨૦૨૪ ના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટની મિટીગના ઠરાવ નં. ૦૭ થી લેવાયેલ નિર્ણય અનુસાર Scale of Remuneration- Exam ના કરવામાં આવેલ પરિપત્રમાં આવેલ રજૂઆતો અનુસંધાને જરૂરી સુધારા/ ફેરફાર કરવા મંજૂરી આપવામાં આવે છે. પરીક્ષા નિયમાકશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ ફેરફારો સાથેના Scale of Remuneration- Exam સબબ તા.૧૪/૧૧/૨૦૨૪ થી અમલમાં આવે તે રીતે કાર્યવાહી હાથ ધરવા વહિવટી મંજૂરી આપવામાં આવે છે.**

૧૦. પરચેઝ કમિટીમાં સ્ટેચ્યુટ્સ– 236-2(d) ની જોગવાઈ મુજબ એક નામ મુકવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

(પરચેઝ કમિટીની રચના થઈ ગયેલ છે. જેમાં સ્ટેચ્યુટ્સ 236-2(d) ની જોગવાઈ અનુસાર એક નામ એકિઝકયુટીવ કાઉન્સિલે મુકવાનું હોતા સભ્યશ્રીની નિયુકિત બાબતે)

ઠરાવ નં.:૧૦ **પરચેઝ કમિટીમાં સ્ટેચ્યુટ્સ– 236-2(d) ની જોગવાઈ મુજબ એક એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીની નિયુક્તિ કરવાની હોતાં આ જગ્યા પર શ્રી મહેશ પુજ, GCCI – ગાંધીધામની નિયુક્તિ પરચેઝ કમિટીમાં કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૧. Board of Research ની તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવા બાબતે. (મિનિટ્સ આ સાથે સામેલ રાખેલ છે.)

ઠરાવ નં.:૧૧ **Board of Research ની તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

૧૨. Board of Research ની તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ મિટીગના ઠરાવ નં. ૧ (બી) થી રચાયેલ સમિતી મારફતે પીએચ.ડી. ગાઈડશીપ અન્વયે થયેલ કામગીરી બહાલ રાખવા બાબત.

(ઉકત રચાયેલ સમિતીના તા. ૧૫/૧૦/૨૦૨૪ ના અહેવાલ તથા માનનીય કુલપતિશ્રીના તા.૨૧/૧૦/૨૦૨૪ વાળી નોંધ પર મળેલ આદેશ અનુસાર કુલ–૧૮ અધ્યાપકશ્રીઓને શૈક્ષણિક વર્ષથી ૨૦૨૪–૨૫ થી પીએચ.ડી. ગાઈડ તરીકેની માન્યતા આપવામાં આવેલ છે જે બહાલ રાખવા બાબત)

ઠરાવ નં.:૧૨ **Board of Research ની તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ મિટીંગના ઠરાવ નં. ૧(બી) થી રચાયેલ સમિતીએ કરેલ કામગીરી ગ્રાહય રાખી આ સમિતીનો તા.૧૫/૧૦/૨૦૨૪નો અહેવાલ તથા માનનીય કુલપતિશ્રીના તા.૨૧/૧૦/૨૦૨૪ વાળી નોંધ પર મળેલ આદેશ અનુસાર કુલ–૧૮ અધ્યાપકશ્રીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી પીએચ.ડી. ગાઈડ તરીકેની આપેલ માન્યતાની કાર્યવાહીને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

**૧૩. અધ્યક્ષ સ્થાનેથી અન્ય મુદ્દા રજૂ થાય તે..**

૧. કચ્છ યુનિવર્સિટી ખાતે આગામી ઈકોનોમિકસની કોનફરન્સ યોજવા મંજૂરી બાબતે

ઠરાવનં.:૧૩ **આગામી ઈકોનોમિક્સની કોનફરન્સ ફેબ્રુઆરી–૨૦૨૫માં યોજવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.**

૨. M.Sc. – Chemistry ની પ્રોયોગિક પરીક્ષા બાબત.

ઠરાવ નં.૧૪ **આ વર્ષે કેમેસ્ટ્રી ભવનને બ્લોક–એ માંથી તેની નવી બિલ્ડીંગ સેન્ટર ઓફ એકસીલન્સમાં ખસેડવામાં આવેલ છે. કેમેસ્ટ્રીની લેબ તથા લેબોરેટરીના સાધનો– કેમિકલો વગેરે ખૂબ ચીવટ પૂર્વક ખસેડવા તથા ઈન્સ્ટોલ કરવાના હોઈ આ કામગીરીમાં સમય લાગેલ છે અને પ્રેક્ટિલ અધ્યયન મોડુ શરૂ થયેલ હોય આ બાબતને ધ્યાને લેતાં આ સત્ર પૂરતી M.Sc. – Chemistry ની પરીક્ષા ૧.૫ મહિનો પાછળ એટલે કે જાન્યુઆરી માસમાં લેવાની સંબંધિત વિભાગ તરફથી મળેલ ભલામણને આધારે M.Sc. – Chemistry ની પ્રોયોગિક પરીક્ષા જાન્યુઆરી–૨૦૨૫ માં યોજવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.**

૩. શૈક્ષણિક ભરતી સંબંધિત સ્ટેચ્યુટ્સ–૨૦૨૪ની જોગવાઈઓ અનુસાર તૈયાર કરવામાં આવેલ માર્કિંગ સ્કિમ બહાલ રાખવા બાબત.

ઠરાવ નં.૧૫ **તા.૦૮/૦૩/૨૦૨૪ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરાત અનુસારની વિવિધ શૈક્ષણિક સ્ટાફની ભરતી પ્રક્રિયા માટે સ્ટેચ્યુટ્સ–૨૦૨૪ની જોગવાઈઓ અનુસાર તૈયાર કરવામાં આવેલ માર્કિંગ સ્કિમને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે. આ માર્કિંગ સ્કિમ સંદર્ભે સ્ક્રુટીની કરવાની કાર્યવાહી નવેસરથી હાથ ધરવાની રહેશે અને મેરિટ લિસ્ટ વિષયવાર અને કેડર વાઈઝ તૈયાર કરવાનું રહેશે. વધુમાં ઈંટન્રવ્યુ માટે મેરિટમાં આવતાં પ્રથમ ૧૫ ઉમેદવારોને ઈન્ટરવ્યુ માટે બોલાવવા તથા જયાં ૧૫ થી ઓછી સંખ્યાંમાં અરજીઓ આવેલ હોઈ ત્યાં બધા ઉમેદવારોને ઈંટન્રવ્યુ માટે બોલાવવાના રહેશે. ભરતી પ્રક્રિયાની કરવાની થતી આગળની કાર્યવાહી સબબ માનનીય કુલપતિશ્રીને સંપૂર્ણ સત્તા સોંપવામાં આવે છે.**

૪. M.Sc. – Chemistry માં બે વિષય/ સ્પેશીયલાઈઝેશન શરૂ કરવા બાબતે

ઠરાવ નં.૧૬ **M.Sc. – Chemistry બે વિષય/ સ્પેશીયલાઈઝેશન 1. Physical Chemistry 2.Inorganic Chemistry શરૂ કરવા મળેલ દરખાસ્તને સર્વાનુમતે ગ્રાહય રાખી શૈક્ષણિ વર્ષ ૨૦૨૫–૨૬ થી શરૂ કરી શકાય તે રીતે આગળની કાર્યવાહિ હાથ ધરવા વહિવટી મંજૂરી આપવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દા ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે મિટીગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

કુલસચિવ